## ભીંડાના પાકમાં ફળ અને ડુંખ કોરી ખાનાર ઈયળ અને તેનુ નિયંત્રણ

કીટકશાસ્ત્ર વિભાગ, ન. મ. કૃષિ મહાવિદ્યાલય નવસારી ખાતે ચાલતી રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના 'મોજણી અને નિગાહ આધારિત પાક રોગ જીવાત પૂર્વાનુમાન પધ્ધતિ' હેઠળ નીચે મુજબની જીવાત તેમજ રોગનો ઉપદ્રવ ક્ષમ્ય માત્રા કરતા વધારે માલુમ પડેલ છે. જેના નિયંત્રણ માટે ખેડુતોને નીચે મુજબના પગલા હાથ ધરવા જણાવવામાં આવે છે.

**ઓળખ :**

**ઈંડા :** આછા ભુરાં રંગના ગોળાકાર હોય છે. માદા છૂટા છવાયા ઈંડા ફૂલ કળી તેમજ કૂમળા ફળ પર મૂકે છે.

**ઈયળ :** ઈયળ રાખોડી રંગની, કાળા માથા વાળી અને શરીરે કાળા અને બદામી રંગના ટપકાં ધરાવે છે આથી તેને કાબરી કે ટપકાંવાળી ઈયળ કરે છે.

**પુખ્ત :** ફૂદું કદમાં નાનું આછા લીલા રંગનું હોય છે.

*એરીઆસ વીટેલા* ની અગ્ર પાંખ આછા લીલા રંગની અને મધ્યમાં ફાચર (  ) આકારના ગાઢા લીલા રંગના પટ્ટાવાળી હોય છે. જયારે *એરીઆસ ઈન્સ્યુલાના* ની અગ્ર પાંખ સંર્પૂણ લીલા રંગની હોય છે.

**નુકશાનકારક અવસ્થા :** ઈયળ

**નુકશાન :**

પાકની શરૂઆતની અવસ્થામાં ઉપદ્રવ જોવા મળે તો ઈયળ છોડની ડૂંખને કોરી ખાયને નુકશાન કરે છે. ઉપદ્રવિત ડૂંખ ચીમળાઈને સુકાય જાય છે. જયારે પાકની ઉત્પાદક અવસ્થાએ ઈયળો ફૂલ, કળી અને ફળને કોરે છે. જેથી ઉપદ્રવિત ફૂલ અને કળી ખરી પડે છે. જયારે ફળની વૃધ્ધિ અટકે છે. અને ફળ અનિયમિત આકારના ઓછી ગુણવત્તાવાળા થઈ જાય છે. આમ, ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે છે.

### નિયંત્રણ

૧. ઉપદ્રવિત ડૂંખ તથા ફળોને વીણીને નાશ કરવો.

૨. ખેતરમાં સ્વચ્છતા જાળવવી, શેઢાપાળા નિંદામણમુકત રાખવાં.

૩. જમીનમાં કાર્બોફયુરાન ૩ ટકા દાણાદાર દવા હેકટરે ૧૫ કિલો મુજબ વાવણી બાદ તરત જ આપવાથી ડૂંખને થતું નુકશાન અટકે છે. આ દવાની અસરકારકતા લાંબા સમય સુધી રહેતી હોવાથી ભીંડાની કાપણી નજીકના સમયમાં શરૂ થાય તેમ હોય ત્યારે અને કાપણીના સમયે વાપરવી નહિ.

૪. લીમડા આધારીત દવાઓના ઉપયોગથી માદા ફળમાં ઈંડા મૂકતી અટકે છે.

૫. શરૂઆતની અવસ્થામાં એમામેકટીન બેન્ઝોએટ ૫ ટકા દાણાદાર દવા ૩ ગ્રામ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવાથી જીવાતને કાબુમાં રાખી શકાય છે.

**ભીંડાના પાકમાં આવતા પીળી નસના રોગના નિયંત્રણ માટેઃ**

- શરૂઆતમાં ખેતરમાં દેખાતા છૂટાછવાયા એકલ–દોકલ રોગિષ્ટ છોડ ઉપાડીને બાળી નાંખવા અથવા જમીનમાં દાટી દેવા.
- આ રોગ સફેદમાખીથી ફેલાતો હોવાથી સફેદમાખીના નિયંત્રણ માટે ટ્રાયેઝોફોસ ૪૦ ટકા ઈ.સી. ૧૫ મીલી દવા અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ ટકા એસ.એલ. ૨.૮ મીલી અથવા એઝાડીરેકટીન ૧૫૦૦ પી.પી.એમ ૩૦ મીલી દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી ૧૨–૧૫ દિવસના અંતરે છંટકાવ કરતાં રહેવું.

| | |
|---|---|
|  |  |
| **ભીંડાના પાકમાં આવતો પીળી નસનો રોગ** | **ભીંડામાં ફળ અને ડુંખ કોરી ખાનાર ઈયળ** |
|  | |
| **ભીંડામાં ફળ અને ડુંખ કોરી ખાનાર ઈયળ** | |